# આદિવાસીઓનું ઋણ છે આપણા બધા પર, બંગ દંપતી તેનો હિસ્સો ચૂકવી રહ્યું છે

## બંદિશોં સે પરે




આ સપ્તાહે
ફાઉન્ડર અને ચેરમેન,
અર્ઘ્યમ
રોહિણી નિલેકણી


આ નવા દસકાની શરૂઆતમાં સદનસીબથી મને એક પ્રાચીન વિસ્તારમાં જવાની તક મળી, જે હાલ અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યો છે. વિદર્ભનો ગઢચિરોલી વિસ્તાર. આ ભારતના સૌથી પછાત વિસ્તારોમાંનો એક છે. અહીં ગોંડ આદિવાસીઓના વન ક્ષેત્રમાં દેશના 8 કરોડ આદિવાસીની જેમ ગોંડ લોકોનો સામનો પણ અસ્તિત્વ સાથે જોડાયેલા સવાલોથી થાય છે. આધુનિક આક્રમણકારી દુનિયા સાથે તેમણે કેટલું આત્મસાત થવું જોઈએ? તેઓ પોતાની પુરાતન સાંસ્કૃતિક પ્રથાઓને કેવી રીતે જીવિત રાખી શકે છે, જે જંગલ સાથે જોડાયેલી છે? તેઓ પરંપરાગત જ્ઞાનને આવનારી પેઢીઓમાં કેવી રીતે સુરક્ષિત રાખી શકે છે, જેમની મહત્ત્વાકાંક્ષાઓ ઝડપથી બદલાઈ રહી છે?

34 વર્ષથી આ સમુદાયો સાથે જીવતા અને કામ કરતા ડૉ. અભય અને રાની બંગે પણ આ સવાલો અનુભવ્યા. તેઓ ગાંધીજી અને વિનોબા ભાવેથી ખૂબ પ્રભાવિત હતા. અમેરિકાથી મેડિસિનનો અભ્યાસ કરનારા આ બંનેએ આદિવાસીઓની આરોગ્યની પાયાની જરૂરિયાતો પર ધ્યાન કેન્દ્રિત કર્યું. વર્ષોવર્ષ જે જોયું, સાંભળ્યું અને વાંચ્યું તેના આધારે આરોગ્યનું એવું મોડલ ઊભું કર્યું છે, જે આ સમુદાયની વાસ્તવિક જરૂરિયાતો સાથે સંકળાયેલું છે. તેનો પરિણામો શાનદાર છે. જેમ કે, બાળ મૃત્યુદર ઘટ્યો છે અને બીજી બીમારીઓનો બોજ એવા સ્તરે પહોંચ્યો છે, જ્યાં દેશભરમાંથી નહીં પરંતુ બાકીના દેશો ખાસ કરીને આફ્રિકામાં પણ આ મોડલ અપનાવાયું છે. તેમના સંગઠનનું નામ 'સર્ચ' છે, સોસાયટી ફોર એજ્યુકેશન, એક્સન એન્ડ રિસર્ચ ઈન કમ્યુનિટી હેલ્થ. અને 55 એકરમાં બનેલું તેમનું સુંદર કેમ્પસ 'શોધગ્રામ' તરીકે ઓળખાય છે. જુદા જુદા ક્ષેત્રોના યુવાન પ્રોફેશનલોને પણ તેમણે અહીં આવીને કામ કરવા તેમજ આ સમાજની અસાધ્ય મુશ્કેલીઓનો ઉકેલ લાવવા પ્રેરિત કર્યા છે. તેમની ટીમની લગન અને પ્રતિબદ્ધતા અનુકરણીય છે. હું ત્યાં હતી ત્યારે એક સર્જરી કેમ્પ ચાલતો હતો, જેના માટે સર્જનો દૂર દૂરથી શ્રમદાન આપવા આવ્યા હતા. આ ડૉક્ટરોએ મને કહ્યું કે, આવું શ્રમદાન તેમના માટે સ્ફૂર્તિ ભરનારું સાબિત થયું છે. આ સંતોષજનક અનુભવ તેઓ વારંવાર લેવા માંગે છે. એવી જ રીતે, દર્દીઓનું કહેવું હતું કે તેઓ અહીં એટલે આવ્યા છે કારણ કે, અહીં તેમને સુંદર મેડિકલ કેરની સાથે દયા અને ગરિમાનો પણ અનુભવ થઈ રહ્યો છે. જે બાબતે મને અહીં સૌથી વધુ પ્રભાવિત કરી, તે છે બંગ દંપતીએ અંધ વિચારધારામાં પોતાના દૃષ્ટિકોણને કઠોર નથી કર્યો. જ્યારે દેશનું અત્યંત ધ્રુવીકરણ થઈ રહ્યું છે, ત્યારે આ ખુલ્લા વિચારો ધરાવતું સંગઠન મળવું સુખદ છે. સર્ચે પોતાની વૈજ્ઞાનિક જિજ્ઞાસા અને સાક્ષ્ય આધારિત દૃષ્ટિકોણની સાથે સાથે માનવતાવાદી ધારણને બરકરાર રાખી છે. ડૉ. રાની પોતાના દિલનું વધુ સાંભળે છે અને ડૉ. અભય મગજથી વિચારે છે. અને એ બંનેથી જ્યારે ભૂલ થાય છે, ત્યારે તેઓ તેને માનવા કે સ્વીકારતા ખચકાતા નથી. ડૉ. અભય કહે છે કે, વિજ્ઞાની તરીકે હું સિકલ સેલના કેસ પર સંશોધન કરવા માંગતો હતો. પરંતુ મને લાગ્યું કે, આદિવાસી સમુદાયની મૂળભૂત સમસ્યા એ નથી. ન્યુમોનિયા, બાળ મૃત્યુ અને નશાની લત પર કામ કરવું વધુ જરૂરી છે. જે સંસ્થાની શરૂઆત આદિવાસીઓ માટે થઈ હતી, હવે તે તેમના જીવન સાથે જોડાઈ ગઈ છે. અહીં તાલીમ લઈ ચૂકેલી અંજના બાઈ ગર્વથી કહે છે કે, મારી દેખરેખમાં છેલ્લા અનેક વર્ષોમાં એક પણ બાળકનું મોત નથી થયું. પછી તેઓ અમને એક બાળકના ઘરે પણ લઈ ગઈ. નાના નાના કામથી આ શક્ય બન્યું છે. નવી માતાઓ પહેલા બાળકોને કપડાં વિના રાખતી, જેનાથી તેમને હાઈપોથર્મિયાનો ખતરો રહેતો. આજે પરિવાર અને હેલ્થ વર્કર બાળકોની નિયમિત દેખભાળ રાખે છે. ટીમ એ સુનિશ્ચિત કરવા માટે ખૂબ મહેનત કરી હતી કે, તે પોતાની ધારણા આદિવાસીઓ પર ના થોપે. સરકાર સાથે મળીને ચલાવાતા પ્રોગ્રામ 'મુક્તિપથ' થકી દારૂ અને તમાકુ પરના ખર્ચને પણ ઘટાડી દેવાયો છે. અગાઉ તેના પર સરકારી યોજનાઓથી પણ વધુ ખર્ચ થતો હતો. થોડા વર્ષો પહેલા સુધી તો આ નક્સલવાદનો ગઢ હતો. અહીંના આદિવાસીઓ નક્સલો અને પોલીસ વચ્ચે જારી સકંજાના કારણે સુરક્ષાદળોના બાતમીદારોમાં ફસાઈ જતા હતા. આસપાસના જંગલોમાં અનેક આવા નક્સલો છુપાયા છે. તેમની વિચારધારા સરકાર કરતા બંગ દંપતીની નિરંતર ક્રાંતિ વિરુદ્ધ વધારે છે. એ ક્રાંતિ જે ગોંડ આદિવાસીઓના ઉત્થાન અને સમૃદ્ધિ માટે નિસ્વાર્થ રીતે પ્રતિબદ્ધ છે. આજે એ ગઢચિરોલી કે જ્યાં પહેલા સુરક્ષિત પહોંચવું પણ અશક્ય હતું, તે આજે દેશની મુખ્યધારા સાથે જોડાઈ ગયું છે. હવે અહીં દુકાનો, કોલેજ અને હોસ્પિટલ પણ છે, સારા રસ્તા અને કનેક્ટિવિટી પણ છે. પરંતુ શું આદિવાસી આપણા જેવા આધુનિક બનશે? કે આપણી તેમની પાસેથી કંઈ શીખી શકીશું? સવાલો નિરુત્તર છે. ગઢચિરોલીથી પાછા આવતી વખતે અમે અમારી અંદર ખૂબ શુદ્ધ હવા ભરીને આવ્યા. અમે આભારી છીએ, એ મહુવા, સાગ અને ટીમરુના વૃક્ષોના, એ ગોંડ આદિવાસીઓના જે આ પ્રાચીન જંગલોની સેવા કરી રહ્યા છે. આ આદિવાસીઓનું આપણા દેશ પર ઘણું મોટું ઋણ છે અને બંગ દંપતી તેનો એક નાનકડો હિસ્સો ચૂકવવાનો વર્ષોથી પ્રયાસ કરી રહ્યું છે.